# તયમ્મુમ

રસૂલુલ્લાહ ﷺ ના કાળનો એક પ્રસંગ છે કે 'ઝાતુલ સલાસિલ'ની લડાઈ વખતે આપ ﷺ એ હઝરત અમ્ર બિન આસ ؓ ને મુજાહિદોના લશ્કરના સેનાપતિ બનાવીને મોકલ્યા. હઝરત અમ્ર બિન આસ ؓ પોતાનું લશ્કર લઈને ચાલ્યા. જ્યારે રાત થઈ તો લોકો ઊંઘી ગયા. હઝરત અમ્ર બિન આસ ؓ ને રાત્રે સ્વપ્નદોષ થઈ ગયો. રાત ખૂબ ઠંડી હતી. તેમને આશંકા થઈ કે જો ગુસ્લ કરશે તો જીવલેણ બીમારીમાં પટકાઈ પડશે. તેમણે 'તયમ્મુમ' કરી લીધું અને નમાઝ પઢાવી દીધી. પાછા ફર્યા તો લોકોએ રસૂલુલ્લાહ ﷺ સામે આનો ઉલ્લેખ કર્યો. આપ ﷺ એ અમ્ર બિન આસ ؓ ને બોલાવીને પૂછ્યું, તો તેમણે ગુસ્લ ન કરવાનું કારણ બતાવ્યું અને કહ્યું કે મેં કુર્આને-કરીમમાં પઢ્યું છે કે –

﴿وَلَا تَقْتُلُوٓا۟ أَنفُسَكُمْ ۚ إِنَّ ٱللَّهَ كَانَ بِكُمْ رَحِيمًا ﴿٢٩﴾﴾ النساء: ٢٩

અર્થાત્, પોતાને જોખમમાં ન નાખો. નિઃસંદેહ, અલ્લાહ તઆલા તમારા પર દયા કરવાવાળો છે. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺ મલકાયા અને કંઈ ન કહ્યું. (અબૂ દાઊદ)

'તયમ્મુમ' ગુસ્લ અને વુઝૂનો વિકલ્પ છે, એ શરતે કે પાણી ઉપલબ્ધ ન હોય અથવા પાણીનો ઉપયોગ કરવામાં શરઈ કારણ અવરોધક હોય અને તે આ પ્રમાણે છે :

(૧) પાણી ઉપલબ્ધ ન હોય.

(૨) પાણી ઉપલબ્ધ હોય, પરંતુ તે પીવા કે ભોજન તૈયાર કરવા વગેરે જેટલું જ હોય.

(૩) વ્યક્તિ બીમાર હોય અને આશંકા હોય કે પાણીનો ઉપયોગ કરવાથી બીમારીમાં વધારો થશે.

(૪) પાણી ઉપલબ્ધ તો હોય, પરંતુ એટલું ઠંડું હોય કે તેના ઉપયોગથી નુકસાનનો ભય હોય કે જીવ જવાનું જોખમ હોય.

(૫) સમય એટલો ઓછો હોય કે જો પાણીની રાહ જોવામાં આવે કે શોધખોળ કરવામાં આવે, તો નમાઝનો સમય નીકળી જાય.

## તયમ્મુમ કેવી રીતે કરવામાં આવે ?

હઝરત અમ્માર બિન યાસર ؓ ફરમાવે છે કે એક વાર મને જનાબતના ગુસ્લની જરૂર પડી. પાણી નહોતું. મેં જમીન પર આળોટી લીધું અને નમાઝ પઢાવી. પાછળથી રસૂલુલ્લાહ ﷺ ની સામે વાત મૂકી, તો આપ ﷺ એ ફરમાવ્યું કે તમારા માટે આટલું જ પૂરતું હતું, તે પછી રસૂલુલલાહ ﷺ એ પોતાના હાથ જમીન પર માર્યા અને ફૂંક મારી, પછી બંને હથેળીઓને પોતાના ચહેરા અને બંને હાથો પર ફેરવી લીધી. (મુત્તફિક અલયહિ)

www.uzairfalahi.com

### તયમ્મુમના મૂળ ઘટકો (ફરજિયાત બાબતો) :

(૧) નિયત.

(૨) ચહેરા અને હાથોનો મસહ કરવો.

(૩) ક્રમ, અર્થાત્ પહેલા ચહેરા અને પછી હાથોનો મસહ કરવો.

(૪) કોઈ વિલંબ વગર સતત કરવો, અર્થાત્ ચહેરા અને હાથોના મસહમાં વિલંબ ન હોય.

(૫) માટીનું પાક હોવું.

### તયમ્મુમની સુન્નતો :

(૧) બિસ્મિલ્લાહ પઢવું.

(૨) હાથોથી માટીને ખંખેરી નાખવી.

(૩) આંગળીઓને પહોળી કરવી એ રીતે કે માટી આંગળીઓની વચ્ચે પહોંચી જાય.

(૪) કિબ્લા તરફ રૂખ કરવું.

(૫) એ આશાએ વિલંબ કરવો કે કદાચ પાણી મળી જાય.

### તયમ્મુમ રદબાતલ ક્યારે થાય :

(૧) તયમ્મુમ પણ એ જ વસ્તુઓથી રદબાતલ થઈ જાય છે, જેનાથી વુઝૂ કે ગુસ્લ રદબાતલ થઈ જાય છે.

(૨) જ્યારે પાણી મળી જાય. હઝરત અબૂ સઈદ ખુદરી ﵁ ની રિવાયત છે કે બે વ્યક્તિઓ સફર માટે નીકળ્યા. તેમના પાસે પાણી નહોતું. તેમણે તયમ્મુમ કર્યું અને નમાઝ પઢી લીધી. નમાઝ પઢતા હતા ત્યારે દરમ્યાનમાં જ પાણી મળી ગયું. એક વ્યક્તિએ નમાઝ ફરી પઢી અને બીજાએ ન પઢી. પાછા ફર્યા પછી રસૂલુલ્લાહ ﷺ ની સામે આ વાતનો ઉલ્લેખ કર્યો. જેણે નમાઝ ફરી નહોતી પઢી, તેને આપ ﷺ એ કહ્યું : તમે સુન્નત પર અમલ કર્યો, તમારી નમાઝ સાચી છે અને જેણે નમાઝ ફરી પઢી હતી તેને કહ્યું કે તમને બમણો બદલો મળશે. (અબૂ દાઊદ, નસાઈ)

જો નમાઝ દરમ્યાન જ પાણી મળી જાય અને સમય પણ પૂરતો હોય, તો નમાઝ તોડીને વુઝૂ કરવી જોઈએ, કેમ કે આવામાં તયમ્મુમ રદબાતલ થઈ જાય છે.

(૩) જ્યારે તયમ્મુમનું કારણ ન રહે, જેમ કે પાણી મળી જાય કે બીમાર વ્યક્તિ સાજો થઈ જાય વગેરે.

(૪) ગુસ્લને વાજિબ (આવશ્યક) કરવાવાળી વસ્તુ ફરી સામે આવે.

www.uzairfalahi.com